# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મેહતા** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM JAMNAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જામનગરના પશુ રાહત અને પુનર્વસન કેન્દ્ર વનતારાની મુલાકાત લીધી હતી. ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવેલા શ્રી મોદી આજે બપોર પછી પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના કરશે, તેમ જ શ્રી સોમનાથ ટ્રસ્ટની બેઠકની અધ્યક્ષતા પણ કરશે.

શ્રી મોદી આવતીકાલે એશિયાઇ સિંહનાં નિવાસસ્થાન ગીર નેશનલ પાર્કમાં સફારી માણશે. ત્યારબાદ વિશ્વ વન્યજીવ દિવસ પ્રસંગે રાષ્ટ્રીય વન્ય જીવ બૉર્ડની સાતમી બેઠકમાં ભાગ લેશે. શ્રી મોદી આ બૉર્ડના અધ્યક્ષ છે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મહેસાણા જિલ્લાના વીજાપુરના પિલવાઇ ખાતે નવનિર્મિત ગોવર્ધનનાથજી મંદિરનું ઉદઘાટન કર્યું હતું. આ ઉપરાંત શ્રી શાહે જી સી હાઇસ્કુલમાં વિદ્યાભવન અને સાંસ્કૃતિક ભવનનું પણ ઉદઘાટન કર્યું હતું.

# SURAT- UNDERPASS

**કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે આજે સુરતના લિંબાયત અને ડિંડોલીને સાંકળતા અત્યાધુનિક રેલવે અંડરપાસનું ઉદ્ઘાટન કર્યું. લિંબાયત ઝોન વિસ્તારમાં ઉધના યાર્ડ ખાતે સુરત - ભુસાવલ રેલવે લાઈન પર સાંઈબાબા મંદિર પાસે લિંબાયતથી ડિંડોલી જવા વાહનચાલકોને લાંબુ અંતર કાપવું પડતું હતું. આ સમસ્યાને ધ્યાને રાખીને મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2020માં 60 કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક રેલવે અંડરપાસ બનાવવાનું આયોજન કરાયું હતું.**

આ પ્રસંગે શ્રી પાટિલે જણાવ્યું કે સુરત શહેરમાં રાજ્યનો સૌથી લાંબો અંડરપાસ નિર્માણ પામ્યો છે. આ અંડરપાસથી સમય અને ઈંધણની બચત થતા ઉદ્યોગકારોને તેમના વ્યવસાયનો વ્યાપ વધારવામાં ઉપયોગી નીવડશે.

# MANDVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ પોરબંદરના પ્રવાસ દરમિયાન આજે સવારે સન્ડે ઓન સાયકલ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી માંડવિયાએ પોરબંદર ચોપાટી પર આશરે 10 કિલોમીટરથી વધુ સાયકલિંગ કર્યું હતું. શ્રી માંડવિયાએ કસરતના મહત્વને સમજાવ્યું હતું.

(બાઈટ: ડૉ.મનસુખ માંડવિયા,  કેન્દ્રીય મંત્રી)

શ્રી માંડવિયા બગવદર ગામમાં રાંદલ માતાજીનાં મંદિરે આયોજિત કાર્યક્રમમાં વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ ઉપરાંત શ્રી માંડવિયા મોકર સાગર અભયારણ્યની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ કુતિયાણાની સુદામા ડેરી ખાતે કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે અને સાંજે ગ્રીનલેંન્ડ ચોકડી ખાતે યોજાનારા સર્વજ્ઞાતિ સમૂહલગ્નમાં હાજરી આપશે.

# MOS JITENDRA SINGH

કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ આજે અમદાવાદના પ્રવાસે રહેશે. તેઓ આજે બપોરે સાયન્સ સિટીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશનની રજત જયંતિ ઉજવણી સમારોહમાં ઉપસ્થિત રહેશે.

# MAHISAGAR KUBER DINDOR

રાજ્યના શિક્ષણ મંત્રી ડો.કુબેર ડિંડોરની ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લાના ગોધર ગામમાં ગ્રામ સંવાદ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ગ્રામ સંગઠનો દ્વારા આજીવિકા, સામુહિક વન અધિકાર, ગ્રામ વિકાસ આયોજન, પર્યાવરણ જાળવણી, સરકારી યોજનાઓ, આદિવાસીઓમાં શિક્ષણ, ફોરેસ્ટ અને સામાજિક મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી. આ પ્રસંગે શ્રી ડિંડોરે લગ્નના ખર્ચા ઓછા કરવા સમૂહલગ્નનું આયોજન કરવા અપીલ કરી હતી.

# PDEU CONFERENCE

ગાંધીનગરની પંડિત દીનદયાળ ઉર્જા વિશ્વવિદ્યાલય-PDEUમાં વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટ એન્ડ મેનેજમેન્ટ અંગે ચોથી આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરાયું. આ પરિષદમાં જળ શુદ્ધિકરણ અને વ્યવસ્થાપન ક્ષેત્રના નિષ્ણાતોએ હાજરી આપી હતી. પરિષદના ઉદઘાટન સત્રમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગ વ્યાસ અને રાજ્યના વિજ્ઞાન-ટેકનોલોજી વિભાગના સલાહકાર ડો. નરોત્તમ સાહૂ પણ ઉપસ્થિત રહ્યા.

# BIRTH-DEATH-REGISTRATION

રાજ્ય સરકારે જન્મ-મરણ નોંધણી ફીમાં મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. મૃત્યુના પ્રમાણપત્ર માટે ફી રૂ.5 થી વધારીને રૂ.20 કરવામાં આવી છે, જ્યારે જન્મના દાખલા માટે ફી 10 રૂપિયાથી વધારીને 50 રૂપિયા કરવામાં આવી છે.

નવા નિયમો અનુસાર, 30 દિવસથી મોડી નોંધણી માટે લેટ ફી 10 રૂપિયાથી વધારીને 50 રૂપિયા કરવામાં આવી છે. એક વર્ષથી મોડી નોંધણી માટે 100 રૂપિયાની ફી લેવામાં આવશે અને આ માટે જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરી લેવી પડશે.

27મી ફેબ્રુઆરીથી નવા દર અમલી થયા છે.

# CHAMPIONS TROPHY

આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં દુબઈમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મેચ ચાલી રહી છે. ન્યુઝીલેન્ડે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ ભારતે 1 ઓવરમાં વિના વિકેટે 6 રન કર્યા છે. ઉલેખનીય છે કે, બંને ટીમ સેમી ફાઇનલમાં પહેલાથી જ પોતાનું સ્થાન બનાવી ચૂકી છે. આ મેચની વિજેતા ટીમ મંગળવારે સેમીફાઇનલમાં ઓસ્ટ્રેલીયા સામે રમશે,જ્યારે પરાજિત ટીમ બુધવારે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)